ગ્રામસભા અભિયાનને અત્યંત નબળો પ્રતિસાદ

૨૮૦ ગ્રામસભામાં માત્ર ૧૯૬ પ્રશ્નો રજુ થયા જેમાં ૧૫૧ સ્થળ પર ઉકેલાયા

૪૫ વણ ઉકલ્યા રહ્યા : ગ્રામસભામાં સરેરાશ ૧૦૦ માણસોની હાજરી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ ગ્રામસભા અભિયાનને નબળો પ્રતિસાદ મળી રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં યોજાયેલ ૨૮૦ ગ્રામસભામાં માત્ર ને માત્ર ૧૯૬ પ્રશ્નો રજુ થયા છે અને ૪૩ હજાર જેટલા લોકોએ તેમાં હાજરી આપી છે.

૧લી જાન્યુઆરીથી શરૂ થયેલ આ ગ્રામસભા અભિયાનમાં કોબા ખાતેની ગ્રામસભા પંચાયત દ્વારા રજુ થયેલા કારણોને લઈ રદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ માટે હવે પછી નવી તારીખ તંત્ર દ્વારા આપવામાં આવશે.

મનરેગાના લેબર બજેટને ગ્રામ્યકક્ષાથી જ તૈયાર કરી અને મંજૂર કરવા અંગેની કામગીરી આ ગ્રામસભા અભિયાનમાં થઈ રહી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા ૧૯૬ પ્રશ્નો પૈકી ૧૫૧ પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ લાવવામાં આવ્યો છે. જ્યારે ૪૫ પ્રશ્નો નિકાલ થયા વગરના પડતર રહેવા પામ્યા છે.

મળતી વિગતો પ્રમાણે પડતર રહેલા પ્રશ્નોમાં પેયજળ, વાહન-વ્યવહાર અને પુરવઠા વિભાગને લગતા પ્રશ્નો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં આ ગ્રામસભા અભિયાન ૧૦મી જાન્યુઆરી સુધી ચાલવાનું છે. આ ગ્રામસભાઓએ મંજૂર કરેલ મનરેગાનું લેબર બજેટ પછી તાલુકા કક્ષાએ આખરી કરવામાં આવશે અને ત્યારબાદ તે જિલ્લામાં રજુ થશે. જે બજેટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં મંજૂરી માટે પંચાયતના બજેટની સાથે રજુ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં આ ગ્રામસભા અભિયાન ઓકટો. માસમાં યોજાવાનું હતું પરંતુ વિધાનસભાની આચારસંહિતાના અમલને લઈ તે મોકુફ રખાયું હતું. આ અભિયાન માટે ૪૦ જેટલા જિલ્લાના અધિકારીઓને લાયઝન અધિકારીઓ તરીકે નિમવામાં આવ્યા છે.

આ અભિયાનમાં જે નબળો પ્રતિસાદ તંત્રને મળી રહ્યો છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. સરેરાશ ૧૦૦ માણસોની હાજરી આ ગ્રામસભામાં નોંધાવા પામી છે. જે ચિંતાજનક કહી શકાય.

બેસણું/સુવાળા

દિલગીરી સાથે જણાવવાનું કે, મારા સુપુત્ર **ચિ. વાઘેલા ભરતસિંહ ભવાનસિંહ**નું તા. ૭-૧-૨૦૧૩ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું / સુવાળા તા. ૧૧/૧/૨૦૧૩ને શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૩ કલાક** સુધી અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : માધવ વિહાર સોસાયટી, પેથાપુર ચાર રસ્તા, મુ. પો. પેથાપુર, તા. જી. ગાંધીનગર

લિ. વાઘેલા ભવાનસિંહ કિશોરસિંહ

વાઘેલા શંકરસિંહ કિશોરસિંહ	વાઘેલા રણજીતસિંહ હરિસિંહ
વાઘેલા અર્જુનસિંહ કિશોરસિંહ	વાઘેલા અરવિંદસિંહ ભવાનસિંહ
વાઘેલા મહિપતસિંહ છત્રસિંહ	વાઘેલા જસવંતસિંહ માધુસિંહ
વાઘેલા દશરથસિંહ શંભુસિંહ	વાઘેલા જગતસિંહ અમરસિંહ
વાઘેલા ખેતુસિંહ શીવસિંહ	વાઘેલા રઘુવીરસિંહ દિલિપસિંહ

બેસણું / બારમું

અમારા પરમ પૂજ્ય મોટાભાઈ **સ્વ. રામજીભાઈ ધનજીભાઈ મકવાણા** (માજી ઉપપ્રમુખ સરદારનગર નગરપાલિકા)નું તા. ૩/૧/૨૦૧૩, ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૦/૧/૨૦૧૩ ગુરૂવારે સાંજે ૪ થી ૬ તથા પાણીદોળ / બારમું તા. ૧૧/૧/૨૦૧૩, શુક્રવારે સવારે ૧૦ થી ૧ રાખેલ છે.**

સ્થળ : પ્લોટ નં. ૧૪૦૩/૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર. મો. ૯૯૭૪૩૭૨૭૩૮

લી.

છગનભાઈ ડી. મકવાણા (નિવૃત્ત જુની.આસી. ST વર્કશોપ,)
મનુભાઈ ડી. મકવાણા (R.B.I., અમદાવાદ)
નરસિંહભાઈ એમ. મકવાણા (નિવૃત્ત વર્કશોપ AMC)
પ્રશાંત આર. મકવાણા
લવજીભાઈ ડી. મકવાણા (મીકેનીક)
ભાનુપ્રસાદ ડી. મકવાણા (સીની. ક્લાર્ક, AMC)
ખેમાભાઈ કે. મકવાણા (વિશ્રામગૃહ, ગાંધીનગર)
વિશાલ આર. મકવાણા
અલ્પેશ જી. મકવાણા

વાઈબ્રન્ટ સમિટ માટે પોલીસના ડ્રેસ કોડ બદલવાનો નિર્ણય લેવાયો

વાઈબ્રન્ટમાં પોલીસ અધિકારીઓ શુટ-બુટથી સજ્જ દેખવા મળશે : મહાત્મા મંદિરમાં ડ્યુટી પરની તમામ પોલીસને 'ખાખી' ન પહેરવા સુચના : પોલીસ કર્મચારીઓ માટે ફોર્મલ કપડાના માપ લેવડાવ્યા : પોલીસ અધિકારીઓને નેવી બ્લ્યુ બ્લેઝર-ગ્રે પેન્ટમાં જ આવવા આદેશ

ગાંધીનગર, તા. ૯

વાઈબ્રન્ટ સમિટમાં આવનાર ઈન્વેસ્ટર્સ તથા મોટા-મોટા બિઝનેસમેનને કાર્યક્રમના સ્થળ પ્રસ્તુત કરવામાં આવશે. મહાત્મા મંદિર ખાતે ડ્યુટી બજાવનાર તમામ પોલીસ અધિકારીઓને નેવી બ્લ્યુ બ્લેઝર-ગ્રે પેન્ટ અને પોલીસ મહાત્મા મંદિર ખાતે પ્રવેશ લીધા બાદ એક પણ 'ખાખી' વર્ધી દેખવા નહીં મળે. સુરક્ષા-વ્યવસ્થા જાળવતી પોલીસ અધિકારી-કર્મચારીઓની ટીમને પણ હાઈ-ટેક લુકમાં વી.વી.આઈ.પી. મહાનુભાવો સામે ખાતે ૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન યોજાનાર મેગા કાર્યક્રમ વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશથી વી.વી.આઈ.પી. મહાનુભાવો તથા મોટા-મોટા ઉદ્યોગપતિઓ આવનાર છે ત્યારે મહાત્મા મંદિરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ડ્યુટી પર મુકવામાં આવેલા તમામ પોલીસ અધિકારી-કર્મચારીને પણ નવાં જ લુકમાં તેનાત કરવામાં આવશે. મહાત્મા મંદિરના એન્ટ્રી ગેઈટથી માંડીને અંદરના તમામ સ્થળોએ તેનાત પોલીસ અધિકારીઓ શુટ-બુટથી સજ્જ થઈ બિઝનેસમેન જેવા કર્મચારીઓને નિયત કરેલા કલરનાં જ ફોર્મલ ડ્રેસમાં સુચના આપી દેવામાં આવતા હવે પોલીસ શુટ-બુટ અને ફોર્મલ કપડા લેવા દોડતી થઈ ગઈ છે.

પાટનગરના મહાત્મા મંદિર

મહાત્મા મંદિરમાં તૈનાત તમામ પોલીસે કયા કપડા પહેરવા તે બતાવવા પડશે..!

મહાત્મા મંદિરમાં વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન ડ્યુટી પર મુકેલા તમામ પોલીસ અધિકારી-કર્મચારીને ડ્રેસ કોડ મુજબ બંદોબસ્તમાં આવવા આદેશ આપી દેવાયા છે. ત્યારે થોડા દિવસો અગાઉ જ તે પોલીસ કર્મચારીઓનું માપ લેવડાવવામાં આવ્યું હતું અને નિયત કરેલા કલર મુજબ તમામને ફોર્મલ કપડા સિવડાવીને તંત્ર જ આપવાનું હતું. પરંતુ આ ડ્રેસ સમયસર તૈયાર થઈ જાય તેવી શક્યતાઓ ઓછી હોવાથી હવે પોલીસ કર્મચારીઓએ જાતે જ વ્યવસ્થા કરવા ફરજ પાડવામાં આવી છે. જેને પગલે આવતીકાલે તમામ પોલીસ કર્મચારીઓએ બંદોબસ્તના દિવસે મહાત્મા મંદિરમાં કયાં કપડા પહેરશે તે બતાવી જવા સુચના આપી દેવામાં આવી છે. પોલીસે તે દિવસે કયાં કપડા પહેરવા તે પણ અગાઉથી બતાડવા પડશે...!

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
ફેબ્રીકેશનના જાણકાર કારીગર જોઈએ છે.
સંપર્ક
મો. ૯૭૨૩૬ ૧૭૪૧૯

પાટનગરના માર્ગો પર દિવસભર 'માયાનગરી' જેવો ટ્રાફીક...!

વાહનચાલકોને પણ મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ પસાર કરતાં દોઢ થી બે કલાક નીકળી જાય છે

ગાંધીનગર, તા. ૯

ગ્લોબલ વાઈબ્રન્ટ ટ્રેડ શો ના આજે બીજા દિવસે વિવિધ જિલ્લાઓમાંથી લકઝરીઓ ભરી-ભરીને વિદ્યાર્થીઓ સહિત વેપારીઓ પણ ગાંધીનગરના મહેમાન બન્યા હતા. ત્યારે પાટનગરનો ચ-માર્ગ એક પાર્કીંગ પ્લેસ બની જવા પામ્યો હતો. નિયત કરવામાં આવેલા પાર્કીંગ પ્લેસ ઘણા દુર હોવાથી તમામ વિઝીટર્સ પોતાના વાહનોને 'ઘ' અને 'ચ' માર્ગ પર પાર્ક કરી પ્રદર્શન નિહાળવા જતાં રહેતા હતા. જેને પગલે કેટલીક અવ્યવસ્થિત પાર્ક થયેલી ગાડીઓને ટોઈંગ વાનની મદદથી ખસેડીને બીજી ટ્રાફીકમાં ફસાયેલી ગાડીઓ નિકાળવી પડી હતી. દિવસભર મુલાકાતીઓનો ધસારો રહેતા ભારે ટ્રાફીક જામ રહ્યો હતો. ખાસ કરીને 'ખ' અને 'ગ' માર્ગને 'નો એન્ટ્રી' કરી દેવાતા ટ્રાફિક 'ઘ' અને 'ચ' માર્ગ પર ડાયવર્સ થવા પામી હતી.

દિવસભર ગાડીઓની લાંબી કતારો 'ઘ' અને 'ચ' માર્ગ પર જોવા મળી હતી. વાહન લઈને નિકળેલી વ્યક્તિઓએ ઘ કે ચ માર્ગ પસાર કરવા સામાન્ય રીતે પાંચ થી સાત મિનિટ લાગતી હોય છે તે વધીને આજે ટ્રાફીક જામની સ્થિતિને કારણે દોઢ થી બે કલાક નિકળી જતો હતો. ટ્રેડ શો ને નિહાળવા દિવસભર વિઝીટર્સ આવતા રહેતા પાટનગરના માર્ગો પર પણ માયાનગરી જેવો ટ્રાફીક જોવા મળ્યો હતો.

સ્મરણાંજલિ

''સ્મરણો ભીંજવે હૈયું.. ને.. મઢેકી ઉઠો આપ અમ અંતરમાં...''

સ્વ. શ્રીમતિ મીનાક્ષીબેન વ્યાસ
સ્વ. તા. ૧૧-૧-૧૯૮૦
- કુ. કેવાંશી નિશિત વ્યાસ
- હરિવંશ નિશિત વ્યાસ
- મીનાક્ષી એન્ટરપ્રાઈઝ

સ્વ. શ્રી જદુરાય વ્યાસ
સ્વ. તા. ૧૦-૧-૧૯૮૦
- નિશિત જદુરાય વ્યાસ
- ઈશાની નિશિત વ્યાસ
- મીનાક્ષી ટ્રેડર્સ, ગાંધીનગર

MINAXI GROUP

• મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ, "મીનાક્ષી", ૩૯૧, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફો. ૨૩૨૨૧૦૦૬, ૨૩૨૩૩૬૬



Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com